# BUSINESS મિત્ર

### સેન્સેક્સ 570 અને નિફ્ટી 198 પોઈન્ટ તૂટ્યા, રોકાણકારોના રૂ. 6 લાખ કરોડ સ્વાહા

# શેરબજારમાં ચોથા દિવસે ભયાનક કડાકો

**નબળા** ઓટો સેલ્સના કારણે માર્કેટ ધરાશાયી; નિફ્ટી ઓટો ઇન્ડેક્સ 3.46% સુધી તૂટ્યો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 1:** ભારતીય શેરબજારમાં ચોથા દિવસે સતત ઘટાડો જોવાયો હતો. સેન્સેક્સ વીકલી એકસપાયરી અને સપ્તાહના અંતિમ દિવસના લીધે ચારેકોરથી વેચવાલી જોવા મળી હતી. આજે સેન્સેક્સ ઈન્ટ્રાડેમાં 1187 પોઈન્ટ તુટી ગયો હતો. જ્યારે નિફ્ટી 22250 પોઈન્ટ સુધી તૂટી હતી. જે છેલ્લે નજીવા સુધર્યા હતા. આજે દિવસમાં રોકાણકારોના વધુ રૂ. 6 લાખ કરોડ સ્વાહા થઈ ગયા હતા. આવતીકાલે મહાત્મા ગાંધી જંયતિના પગલે શેરબજાર બંધ રહેશે.

બીજી તરફ, સપ્ટેમ્બર મહિનામાં નિરસ વેચાણના આંકડાના પગલે ઓટો સેકટરમાં ભારે વેચવાલી હાવી રહી હતી. નિફ્ટી ઓટો ઈન્ડેકસ 3 ટકા તૂટયો હતો. તેની સાથે નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 2 ટકા, નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ અને નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ 1.5-1.5 ટકાથી વધુ અને પીએસયુ બેન્ક ઈન્ડેકસ એક ટકાથી વધુ તુટયા હતા. બીએસઈ સેન્સેક્સ 570.59 પોઈન્ટ એટલે કે 0.79 ટકા ઘટીને 71909.70 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 72572 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 71292 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 198.50 પોઈન્ટ એટલે કે 0.88 ટકા ઘટીને 22421.95 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટીએ 22500 પોઈન્ટની સપાટી તોડી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22610 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22217 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 182.30 પોઈન્ટ એટલે કે 0.33 ટકા ઘટીને 54450.75 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેકટીફાયર્સમાં 19.74 ગણા, રાઈટસ લિ.માં 5.28 ગણા,, અદાણી એનર્જીમાં 4.7 ગણા, ક્રિષ્ણા ઈન્સ્ટીટયુટમાં 4.65 ગણા ને સમવર્ધન મધરસનમાં 4.44 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેકટીફાયર્સમાં 52.25 ગણા, લેમન ટ્રી હોટલ્સમાં 12.63 ગણા, જે કે સિમેન્ટમાં 7.68 ગણા, બજાજ ઓટો 5.9 ગણા અને સ્કેન્ડર ઈલે. ઈન્ફ્રામાં 5.48 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ નબળું પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.99 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.23 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઈ ખાતે 1383 શેરો વધ્યા હતા, જ્યારે 3039 શેરો ઘટ્યા હતા અને 236 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 3.46 ટકા ઘટ્યા હતા. જેમાં બજાજ ઓટો, મારૂતિ સુઝુકી, યુનો મિન્ડા, બોશ, સંવર્ધન મધરસન, સોના બીએલડબલ્યૂ, મહિન્દ્રા-મહિન્દ્રા, ભારત ફોર્જ, ટીવીએસ મોટર અને આઈશર મોટર ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો ઓકટોબર અને વર્ષના અંતિમ કવાર્ટરમાં નરમ શરૂ થયા છે.

## રૂપિયો તૂટીને 96ની નીચે

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો ફરીથી નીચે પટકાયો હતો અને ફરી એકવાર રૂપિયો તૂટીને 96ની નીચે સરક્યો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 47 પૈસા તૂટીને 96.30ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.83ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.44, પાઉન્ડ 126.72, કેનેડિયન ડોલર 67.41, ઓસ્ટ્રેલિયન ડોલર 67.41, જાપાનીઝ યેન 0.6097 અને સીંગાપોર ડોલર 75.24ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.99 રૂ. |
| યુરો | 108.61 રૂ. |
| પાઉન્ડ | 127.22 રૂ. |
| યેન | 0.6067 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -570.50 | 71909.70 |
| નિફ્ટી | -198.50 | 22421.95 |
| બેન્ક નિફ્ટી | -182.30 | 54450.75 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 4.11 | 1035.00 |
| એચડીએફસી લાઇફ | 2.49 | 534.20 |
| એચડીએફસી બેન્ક | 1.76 | 721.20 |
| એસબીઆઇ લાઇફ | 1.49 | 1721.60 |
| મેક્સ હેલ્થકેર | 1.20 | 940.95 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ઓટો | 7.62 | 10045.00 |
| મારૂતિ સુઝુકી | 4.86 | 11386.00 |
| શ્રીરામ ફાઇનાન્સ | 3.84 | 945.00 |
| ટાટા સ્ટીલ | 3.42 | 178.00 |
| ગ્રાસીમ ઇન્ડ. | 3.26 | 2962.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 4.02 | 1035.00 |
| ટીસીએસ | 1.43 | 2079.30 |
| એચસીએલ ટેકનો | 1.38 | 1246.00 |
| એચડીએફસી બેન્ક | 1.36 | 719.35 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 0.53 | 419.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મારૂતિ સુઝુકી | 4.59 | 11400.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 3.27 | 2851.05 |
| ટાટા સ્ટીલ | 3.01 | 179.10 |
| અદાણી પોર્ટસ | 2.69 | 1737.95 |
| આઇટીસી | 2.56 | 257.00 |

# શેરબજારના કડાકામાં મ્યુચ્યુઅલ ફંડ ધડામ: 95% ફંડ્સમાં રોકાણકારો ધોવાયા

**સપ્ટેમ્બરમાં** 666માંથી 634 ફંડ્સ નેગેટિવ; ટેક સેક્ટરના ફંડ્સમાં સૌથી વધુ 10% સુધીનું ગાબડું

મુંબઇ, તા. 1: ભારતીય શેરબજારમાં ઘટાડાની અસર મ્યુચ્યુઅલ ફંડના રોકાણકારો પર પણ સ્પષ્ટપણે જોવા મળી હતી. એક વિશ્લેષણ મુજબ આ મહિને 666માંથી 634 મ્યુચ્યુઅલ ફંડોએ નેગેટિવ રિટર્ન આપ્યું છે, એટલે કે 95 ટકા ફંડમાં રોકાણકારોને નુકશાન થયું છે. ખેટલાક ફંડમાં આ ઘટાડો 10 ટકા સુધી પહોંચ્યો છે. જેની સામે નિફ્ટીમાં 5.56 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. સૌથી વધુ દબાણ ટેકનોલોજી ક્ષેત્ર સાથે જોડાયેલા ભંડોળ પર જોવા મળ્યું હતું.

સપ્ટેમ્બરમાં ટાટા ડિજિટલ ઈન્ડિયા ફંડને સૌથી વધુ નુકસાન થયું હતું. તેમાં લગભગ 9.80 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આ પછી એચડીએફસી ટેક્નોલોજી ફંડ અને ડબલ્યુઓસી ડિજિટલ ભારત ફંડમાં અનુક્રમે 9.30 ટકા અને 9.28 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

અન્ય બે ટેક સેક્ટર આધારિત ફંડ્સમાં આઈસીઆઈસીઆઈ પ્રુ ટેક્નોલોજી ફંડ અને ટાટા નિફ્ટી ઈન્ડિયા ડિજિટલ ઈટીએફ એફઓએફનો સમાવેશ થાય છે. સપ્ટેમ્બરમાં આ બંને ફંડ્સમાં અનુક્રમે 8.94 ટકા અને 8.82 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ગ્રો નિફ્ટી ઈવી અને ન્યૂ એજ ઓટોમોટિવ ઈટીએફ એફઓએફએ સપ્ટેમ્બરમાં 8.75 ટકાનું નેગેટિવ રિટર્ન આપ્યું હતું. ત્યારબાદ એસબીઆઈ ક્વોન્ટ ફંડ 8.70 ટકા નેગેટિવ રિટર્ન સાથે અને આદિત્ય બિરલા એસએલ ડિજિટલ ઈન્ડિયા ફંડ 8.65 ટકા નેગેટિવ રિટર્ન સાથે ત્રીજા સ્થાને છે. તે જ સમયે, ફ્રેન્કલિન ઈન્ડિયા ટેક્નોલોજી ફંડે 7.81 ટકા અને ડીએસપી બેન્કિંગ એન્ડ ફાઈનાન્સિયલ સર્વિસિસ ફંડે 7.74 ટકાનું નેગેટિવ રિટર્ન આપ્યું હતું. આઈસીઆઈસીઆઈ પ્રુ નિફ્ટી ઈવી અને ન્યૂ એજ ઓટોમોટિવ ઈટીએફ એફઓએફમાં પણ સપ્ટેમ્બર દરમિયાન 7.18 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

આવા માહોલની વચ્ચે સપ્ટેમ્બરમાં ઘટાડા વચ્ચે 32 જેટલા મ્યુચ્યુઅલ ફંડ્સે પોઝિટિવ વળતર આપ્યું હતું. તેમાં સેમ્કો સ્મોલ કેપ ફંડ મોખરે હતું, જેણે 6.62 ટકાનું વળતર આપ્યું હતું.

# ચોમાસું પૂરું, ચિંતા શરૂ: અડધો દેશ દુષ્કાળની પકડમાં

**51% વિસ્તારમાં** સૂકારો, જળાશયો માત્ર 70% ભરાયા; મહારાષ્ટ્ર બાદ અન્ય રાજ્યો પણ દુષ્કાળ જાહેર કરવાની તૈયારીમાં

નવી દિલ્હી, તા. 1: વર્ષ 2026ના પશ્ચિમ-દક્ષિણનું ચોમાસુ સત્તાવાર રીતે સમાપ્ત થઈ ગયું છે, પરંતુ ચાર મહિનાના વરસાદના આંકડા દર્શાવે છે કે દેશમાં ગંભીર પાણી અને વીજળી સંકટનો સામનો કરી રહ્યો છે. સમગ્ર સિઝનમાં સામાન્ય સરેરાશ કરતા 13 ટકા ઓછો વરસાદ નોંધાયો હતો. પણ વાસ્તવિક ચિત્ર અલગ જ છે, દેશનો લઘભગ 51 ટકા વિસ્તાર દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરી રહ્યો છે. દેશના કેટલાક ભાગોમાં છેલ્લા 20 વર્ષમાં સૌથી વધુ વરસાદ પડ્યો છે, ત્યારે ઘણા રાજ્યો 17 વર્ષમાં સૌથી ખરાબ દુષ્કાળનો સામનો કરી રહ્યા છે.

આ ચોમાસાની ઋતુ દેશભરમાં 13મી સૌથી સુકી ઋતુ હતી. છેલ્લા 11 વર્ષમાં આ સૌથી વધુ વરસાદ પડ્યો હતો. જોકે, મોસમના અંત પહેલા ભારે વરસાદને કારણે વરસાદની ખાધમાં 2.5 ટકાનો સુધારો થયો હતો.

ચાલુ વર્ષે ચોમાસાની ઋતુમાં સામાન્ય કરતા 12.6 ટકા ઓછો વરસાદ પડ્યો છે. દેશના 43 ટકા જિલ્લાઓમાં 20થી 72 ટકા ઓછો વરસાદ પડ્યો. પાજાબમાં સૌથી વધઉ વરસાદની ખાધ 41 ટકા રહી. રાજસ્થાનમાં 22 ટકા ઓછો વરસાદ પડ્યો. અન્ય નવ રાજ્યોમાં પણ સરેરાશ કરતા ઓછો વરસાદ પડ્યો હતો. 1લી સપ્ટેમ્બરથી ચોમાસાની વિદાય પહેલા સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ગત વર્ષની સરખામણીએ સામાન્ય કરતા 50 ટકા વધુ વરસાદ પડ્યો હતો. આ અઠવાડિયા પહેલા ચોમાસાનો વરસાદ સામાન્ય કરતા 15 ટકા ઓછો હતો, પરંતુ ચોમાસાના અંત સુધીમાં ખાધ ઘટીને 12.6 ટકા થઈ ગઈ હતી. જેની સાથે જળાશયો પણ છલકાયા નથી, તેમાં પણ 70 ટકાની આસપાસ જળાશયો ભરાયાના અહેવાલ છે. જેથી પાણીનો ભંડાર પણ ઓછો છે, જે ચિંતાનો વિષય સર્જશે. નબળું ચોમાસુ, જળાશયોમાં પાણીનો ઓછો સંગ્રહની સાથે વીજ ઉત્પાદનમાં અસર વર્તાઈ છે અને ગત વર્ષની સરખામણીએ જુનમાં વીજ ઉત્પાદનમાં 21 ટકા અને ઓગસ્ટમાં 12 ટકાનો ઘઠાડો થયો છે. જો અલ નીનો ફેબ્રુઆરી, 2027 સુધી ચાલશે જેમાં શિયાળો ઓછો અને ઉનાળો વહેલો રહેશે. મહારાષ્ટ્ર રાજ્ય દ્વારા દુષ્કાળ જાહેર કરી દીધો છે. હજુય અન્ય રાજ્યો દુષ્કાળ જાહેર કરશે.

# અનુપ બાગચી સંભાળશે એચડીએફસી બેંકની કમાન

**બાગચી** 27 ઓક્ટોબરથી એમડી અને સીઈઓ તરીકેનો કાર્યભાર સંભાળશે



મુંબઈ, તા. 1 (પીટીઆઈ) અનુપ બાગચી એચડીએફસી બેંકના આગામી ચીફ એક્ઝિક્યુટિવ અને મેનેજિંગ ડિરેક્ટર બનવા માટે તૈયાર છે. કારણ કે, રિઝર્વ બેંકે ગુરુવારે દેશની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની ધિરાણકર્તા સંસ્થાનું નેતૃત્વ કરવા માટે તેમના નામ પર મંજૂરી આપી દીધી છે. બાગચી, જેઓ 1992થી હરીફ આઈસીઆઈસીઆઈ બેંક અને તેની પેટા-કંપનીઓ સાથે જોડાયેલા છે, તેઓ શશિધર જગદીશનનું સ્થાન લેશે. જગદીશનનો 6 વર્ષનો કાર્યકાળ અનૈતિક આચરણ અને પ્રશ્નાર્થભર્યા શાસન વ્યવહારના આક્ષેપોથી કલંકિત રહ્યો છે. બેંક તરફથી પ્રાપ્ત માહિતી મુજબ, બાગચી 27 ઓક્ટોબરથી એમડી અને સીઈઓ તરીકેનો કાર્યભાર સંભાળશે અને તેમની નિમણૂક 3 વર્ષ માટે છે. આઈઆઈટી-કાનપુર અને આઈઆઈએમ-બેંગ્લોરના ભૂતપૂર્વ વિદ્યાર્થી 56 વર્ષીય બાગચી 2023થી આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ તરીકે સેવા આપી રહ્યા છે અને અગાઉ આઈસીઆઈસીઆઈ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે 6 વર્ષ સેવા આપી ચૂક્યા છે. તે પહેલાં, તેઓ રિટેલ અને હોલસેલ બેંકિંગ, બંનેનું કામકાજ સંભાળતા હતા. જાણકારોના જણાવ્યા અનુસાર, બાગચી સામે રાહ જોઈ રહેલા પડકારોમાં કોર આવકમાં વધારો કરવાનો સમાવેશ થાય છે. કારણ કે, નેટ ઈન્ટરેસ્ટ માર્જિન દબાણ હેઠળ છે અને પ્રોડક્ટના ખોટા વેચાણ (મિસ-સેલિંગ)ની ઘટનાઓ પર અંકુશ મેળવવો સામેલ છે.

# ભારતના રોકાણ આકર્ષણ પર વૈશ્વિક ખતરો: નાણા મંત્રાલયની મોટી ચેતવણી

**ક્રૂડના** વધતા ભાવ અને US વેપારની અનિશ્ચિતતા વચ્ચે મૂડી પ્રવાહ મેળવવો મોટો પડકાર; Q1 માં 7.8% GDP ગ્રોથ બાદ સુસ્તીના સંકેત

**નાણા** મંત્રાલયની સપ્ટેમ્બર માટેની માસિક આર્થિક સમીક્ષામાં દેશના અર્થતંત્રને સ્પર્ધાક્ષમ બનાવવા પર મૂકાયેલો ભાર

નવી દિલ્હી, તા. ૧(પીટીઆઈ): નાણા મંત્રાલયના ગુરુવારે બહાર પાડવામાં આવેલા એક અહેવાલ મુજબ, અમેરિકા સાથેના વેપાર સંબંધો અંગેની ટૂંકા ગાળાની અનિશ્ચિતતાઓ, ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો અને વૈશ્વિક એઆઈ (AI) વિકાસમાં 'ઈન્ડિયા એન્ગલ' (ભારતીય યોગદાન) નો અભાવ ભારતના રોકાણ આકર્ષણને પ્રભાવિત કરી રહ્યા છે, જેને કારણે અન્ય વિકાસશીલ દેશોની જેમ ભારત પણ મૂડી પ્રવાહ આકર્ષવામાં સખત પડકારનો સામનો કરી રહ્યું છે.જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૬ના ઉચ્ચ-આવૃત્તિ સૂચકાંકો પ્રથમ ત્રિમાસિક ગાળામાં (એપ્રિલ-જૂન) ૭.૮ ટકાના મજબૂત જીડીપી વૃદ્ધિ દર બાદ આર્થિક પ્રવૃત્તિની ઝડપમાં થોડી મધ્યમતા દર્શાવે છે તેમ જણાવતા, સપ્ટેમ્બર મહિનાની માસિક આર્થિક સમીક્ષામાં કહેવામાં આવ્યું છે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### મોટી ઉધરસ - ઉંટાટિયું

આ પ્રયોગમા તંબાકુના દાંડા વપરાય છે, તેથી અમે ઉલ્લેખ કરતાંય અચકાતા હતા. બાળપણમાં અમે આ દવાનો સફળ ઉપયોગ જોયો છે. એમાં રાજુલાના કલ્યાણ મંડળની વાત વાંચતા, આનો ઉલ્લેખ કરવાનુ નક્કી કર્યું. કાળી તંબાકુના પાનના દાંડા કાપી, સરાવ સંપુટમા એની મસી બનાવાય છે. એક નાગરવેલના પાનને બે લીલી એલચી સાથે વાટી, કાઢેલો રસ ચમચીમાં લઇ તેમા એક ચણાપૂર મસી ભેળવી, સહજ ગરમ કરી ચટાડી દેવું. દિવસમાં ત્રણ વાર આપવું. આયુર્વેદ અનેક વિષ દ્રવ્યોનો સફળતાપૂર્વક ઉપયોગ કરે છે. આના પર સંશોધન ન કરી શકાય?

## સુડોકુ-૬૪૩૩ 'ક્રૂ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૨ | | | ૯ | ૪ | | |
| ૫ | | | | | ૨ | | ૩ | ૯ |
| | ૯ | ૮ | | ૪ | | ૬ | | ૨ |
| | ૫ | ૭ | | | | ૧ | | |
| | | | | | ૬ | ૯ | | |
| ૩ | ૨ | ૬ | ૯ | ૧ | | ૮ | ૫ | ૭ |
| ૮ | ૭ | | | ૨ | ૧ | ૫ | | |
| ૪ | ૧ | | | ૩ | ૭ | | | ૮ |
| ૨ | ૬ | ૫ | | ૯ | ૮ | ૩ | | ૧ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## શબ્દગુંફન - ૭૨૫૯

**અરવિંદ એસ. મારૂ**



**આડી ચાવી**

૧. શિવ-પાર્વતીના મોટા પુત્ર (૩)
૩. છેવટનું (૩)
૫. એક અતિ વિશાળ વૃક્ષ (૨)
૬. કૂદકો, તાલાવેલી (૩)
૭. માલિશ કરવું તે (૩)
૮. વાચા, વાણી (૨)
૯. એક ફળ(૩)
૧૦. રંગ, વર્ણ (૨)
૧૨. જીવ, પ્રાણ (૨)
૧૩. આગલા દિવસનું (૨)
૧૪. ઠુડું, ટાઢું (૩)
૧૫. ખેલ(૩)
૧૭. નિર્ણય, ઉકેલ (૨)
૧૮. દિવસ, દહાડો (૨)
૨૦. ઉત્તમ (૨)
૨૧. હોડી, વહાણ (૨)
૨૨. સહાયક (૫)
૨૬. સરોવર (૨)
૨૮. ઇજન, નોતરું (૩)
૩૦. પ્રશ્ન (૩)
૩૨. શુદ્ધિ, હોંશ(૨)
૩૩. વાયુ, હવા (૩)
૩૪. નવલું (૪)
૩૫. એક જાતનું કાપડ (૨)

**ઊભી ચાવી**

૧. વીતી ચૂકેલું (૨)
૨. સો નો સમૂહ (૩)
૩. પટાવાળો (૪)
૪. મરણ પામે એવું (૫)
૫. ઘોડી (૩)
૮. કપિ, વાંદરું (૩)
૧૧.આંખ, લોચન (૩)
૧૩. પવન (૨)
૧૬. સહાય (૩)
૧૭. પ્રત્યેક (૨)
૧૮. દિન (૩)
૧૯. આકાશ (૨)
૨૦. તાબે, આધીન (૨)
૨૩. ચોકીદાર (૪)
૨૪. પાણી, જળ (૨)
૨૫. રમતમાં આવતો વારો (૨)
૨૭. વિદાયગીરી (૪)
૨૮. આપવું તે (૨)
૨૯. સૂર્ય (૩)
૩૧. શ્રીરામનો પુત્ર (૨)
૩૨. વજન (૨)



## આજનું પંચાંગ

**તા. 02/10/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** તિથિ વદ: છઠ: 10:16- સાતમનું શ્રાધ્ધ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-10
**યોગ :** વ્યતિપાત **કરણ:** વિષ્ટિ
**નક્ષત્ર :** મૃગશીર્ષ: 26:56
**રાશિ:** વૃષભ (બ.વ.ઉ.) 15.42 પછી/મિથુન (ક.છ.ઘ.)
**દિવસ :** સપ્તમી શ્રાધ્ધ - ગાંધી જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 06:31 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:25
**નવકારસી :** 07:19
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 19મો રોજ
**મુસલમાન વર્ષ :**1448 રબિઉલ આખર માસનો 20મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે: 10:30થી 12:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ઘરમાં કોઇ માંગલિક કાર્યની ચર્ચા કે તૈયારી થાય વાણીનો પ્રભાવ નોકરી-ધંધામાં જોવા મળે. આવક વધે.

**વૃષભ (બ,વ,ઉ,):** તમારા ક્રિએટીવ વિચારો બીજાને યોગ્ય અને સાચુ માર્ગદર્શન આપે. વિવાદથી બચવું ખર્ચા પર કાબૂ.

**મિથુન (ક,છ,ઘ,):** બીજાને યોગ્ય સલાહ આપશો. વિદેશ અને પરિવારને લગતો કામ જીવનસાથીનો સાથ મળે. ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** આવક વધારવા માટે નવા રસ્તા મળે. નવા પ્રોજેક્ટમાં રોકાણથી લાભ થાય. મિત્રોને મદદરૂપ બનશો.

**સિંહ (મ,ટ,):** બૌધ્ધિક કાર્યમાં સફળતા મળે. વેપાર-ધંધામાં નવી યોજનાથી લાભ થાય. જાહેર જીવનમાં સાવધાન રહેવું.

**કન્યા (પ,ઠ,ણ,):** મશીનરી બાંધકામ વગેરેના લગતો કામનો લાભ થાય. આર્થિક વ્યવહારમાં ધીરજ રાખવી. પ્રવાસ થાય.

**તુલા (ર,ત,):** પોતાના કામની માહિતી ગુપ્ત રાખવી. ઓનલાઇન અને ડિઝીટલ માધ્યમોથી સાવધાન. પ્રેમકમાં ધીરજ રાખવી.

**વૃશ્ચિક (ન,ય,):** ભાગીદારીમાં નવા સોદા થાય. તેમજ નવા ઓડર મળે. જીવનસાથીથી બચચતની યોજના બને.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** કોર્ટ-કચેરી-વિવાદના કામમાં અનુકૂળતા વધશે. શત્રુઓ પર હાવી રહેશો. વિવાદથી દૂર રહેવું.

**મકર (ખ,જ,):** તમારા નવા સંપર્કોથી સાવધાન રહેવું. સામાજિક બાબતે વિવાદથી બચવું. સંતાનોના કામમા મદદ મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** કામનો બોજ વધશે. કોઇ ઉતાવળથી નિર્ણય લેવો નહી. જૂની વાતોથી પરિવારમા વિવાદ થઇ શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ,):** રોયલ એસ્ટેટ અને પ્રોપર્ટીમાં માંગ થાય. આવક વધશે. જીવનસાથીનો સાથ મળે. પ્રેમમાં સહકાર મળે.

## કોઈ પણ સાલમાં 2 ઓક્ટોબર જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સંપર્કો વધારવનાર ટેકનોલોજીથી લાભ અને નોકરીમાં અનુકૂળતા તથા ધંધામાં આર્થક પ્રગતિજનક રહેશે. સમાજમાં યશ મળે. પરિવારની મદદ નવા વેપાર વ્યવસાય અને આવક વધારવાની યોજનામાં મળે. આર્થિક પ્રગતિ થાય. ઉઘરાણી આવે. જમીન, કાયદા કાનૂન વગેરેમાં વડીલોની મદદ મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમા પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ કચેરીમાં પ્રગતિ થાય. મિત્રોની મદદ નવા ઘર વાહન મકાનમાં મળવાથી શરૂઆતમાં યોજના પાર પડે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં સાથ મળે. વિદેશના કામમા ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રેમ વિવાહમાં સાથ મળે. વિદેશના કામમા ગતિ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ સોમ-ગુરુવાર 2,11,20,29 તારીખે નવા કામ કરવા. સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી-ફેબ્રુઆરી મગળ-બુધવાર 05,08 તારીખે નવા કામ ટાળવો. લીલો, કાળો, નીલો રંગ ટાળવો. ચંદ્રના ઉપાય કરતા રહેવું.

## યાર્ન બજાર સુરત

**(GST સાથેના ભાવ)** નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૯૦૦ |
| એસ-30 | ૪૮૦૦ |

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સ્ટાન્ડર્ડ સોનું | ૧૫૩૦૮૦ |
| તેજાબી સોનું | ૧૫૨૯૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૪૨૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૦૦૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૩૦૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૮૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૦૦૦૦ |


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી-શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**જુનુ સામાન**
લેવામાં આવશે AC, ફ્રીઝ, વોશિંગ મશીન, 2 વ્હીલર, 4 વ્હીલર તથા અન્ય તમામ પ્રકારનું ઘર ઓફિસનું Mo: 9316100413

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**કાશ્મીર વૈષ્ણોદેવી**
અમૃતસર વાઘાબોર્ડર દિવસ 12 ભાઈબીજે સ્લીપર બસ, 6352474903

**માઁ ખોડિયાર જ્યોતિષ**
પંડિત વિનોદ કુમાર શર્મા (દુર્ગા ઉપાસક)
હસ્તરેખા/જન્માક્ષર થી ભવિષ્યનું સચોટ નીરાકરણ
પ્રેમ પ્યાર, લગ્ન માં વિલંબ, સોતન દુશ્મન થી છૂટકારો, ગૃહ કલેશ કરવું કરાવવું, નૌકરી અને વ્યાપાર રૂકાવટ,પતિ પત્નિ માં અનબન, કર્જ માંથી મુક્તિ,ઉપરોકત સમસ્યાઓનું સમાધાન સરળ રીતે મેળવો.
સમાસ્યાઓની દરેક વિગત ખાનગી રહેશે.
બંગલા નં A-28, બાલાજી કૃપા સોસાયટી, ગેટ નં-૧, પાલનપુર-જકાતનાકા રોડ, સુરત.
Mo.: 77779 22183

**(સાગર) 9427113317**
દીપાવલીમાં (એરકન્ડિશન) ગોવા મહાબળેશ્વર, સૌરાષ્ટ્ર, દ્વારકા, સોમનાથ, રાજસ્થાન, જેસલમેર(ટેન્ટમાં)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, દિવાળીમાં પ્રવાસો (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, 24/ 11 (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેગટોક, નેપાળ. તારીખ- 11/ 11, દિવસ- 19 અને દિવસ-12, પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, ચા-નાસ્તો, બે ટાઈમ ભોજન, મળો: દિપંકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**माँ चामुडा ज्योतीष**
पता - चोकसी वाडी, अडाजन, सुरत
हमारे यहां पर हस्त रेखा जन्माक्षर देखकर जिवन का पुरा पुरा हल बताया जाता जेशे कि कारोबार घर में कंकास सास बहु में झगडा, विदेश योग, प्रेम, प्यार, सोतन से छुटकारा किया कराया वसी करणा (स्पेश्यालिस्ट)
Mo.7862990838

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. નવરાત્રિમાં અંબાજી, દિવાળીમાં ઉજ્જૈન, દ્વારકા, ભીમાશંકર, અષ્ટવિનાયક, શિરડી, મહાબળેશ્વર. અજયભાઈ 7802062340 (343)

વાહન લે-વેચ

**જુના બંધ હાલતમાં**
2- વ્હીલર, 4- વ્હીલર, વેચવા માટે સંપર્ક કરો.- 9427178600

નોકરી વિષયક

**દુકાનના પરચુરણ**
તથા ક્લેરીકલ કામ માટે જેન્ટસ/ લેડીઝ મળો. ૧૧- મશાલાવાળા કોમ્પલેક્સ GIDC રેલ્વે સ્ટેશન સાથે અંકલેશ્વર/ G/3, ક્રિષ્ના કોમ્પલેક્સ દિલ્હીગેટ સુરત (342)

**ફાર્મ હાઉસ**
વેચવાના છે.
અંબિકા નદીના કિનારે, રેડી પઝેશન, સ્વીમીંગ પુલ સાથેના
Mo.90996 54868

**ભરતી શરૂ છે-**
Centre Coordinator Melzo Anubhavam, AR/ VR Exprience Centre ભટાર, સુરત ખાતે મહિલા ઉમેદવારોને પ્રાધાન્ય. 12મું પાસ/ ગ્રેજ્યુએટ, ફ્રેશર્સ આવકાર્ય. મુલાકાતી માર્ગદર્શન, AR/ VR સપોર્ટ, ઈવેન્ટ્સમાં સહયોગ, બિલિંગ, રેકોર્ડ અને દૈનિક કામગીરીની જવાબદારી. સંપર્ક: 9687488818

**કોલિંગ અને ડેટા**
એન્ટ્રી માટે ફુલટાઈમ ફિમેલ સ્ટાફ જોઈએ છે નાનપુરા 9978675757

મિલ્કત વેચવાની છે

**પાલનપુર કેનાલ**
પર 2 BHK ફ્લેટ વેચાણથી આપવાનો છે. Mo. 9875085968

**બંગલો વેચવાનો છે**
113 વાર G+3 માળ લિફ્ટ સાથે સરળ હપ્તેથી ન્યુસિટી લાઈટ. 9825109400

**પ્લોટ વેચવાનો છે**
૨૫૭ વાર, સર્જન સોસાયટી પાસે, સિટીલાઈટ. 9825109400

**ફ્લેટ વેચવાનો છે**
ફર્નિચર સાથે ગ્રીનસીટી, પાલ Mo. 9924804455

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*